# લૉયોલાના સંત ઈગ્નાસની નવદિન ભક્તિ



ફાધર આરોગ્યદાસ એસ.જે.
કરૂણામયી માતા આધ્યાત્મિક કેન્દ્ર
નગરા

# લૉયોલાના સંત ઈગ્નાસની નવદિન ભક્તિ માળખું

**૧. ભજનઃ**

**દિવસના વિષય-વસ્તુ અનુરૂપ ભજન**

**૨. આરંભની પ્રાર્થનાઃ**

**(સંત ઈગ્નાસ પરના સંત ફ્રાન્સિસ ઝેવિયરના પત્રમાંથી)**

The same prayer everyday

**૩. પાઠઃ**

**લૉયોલાના સંત ઈગ્નાસની આત્મકથામાંથી પાઠ**

**૪. મનન-ચિંતનઃ**

**આત્મકથામાંથી પાઠ ઉપર મનન-ચિંતન**

**૫. અરજમાળાઃ**

**દિવસના વિષય-વસ્તુ અનુરૂપ અરજમાળા**

**૬. સમાપન પ્રાર્થનાઃ**

**દરરોજની સમાપન પ્રાર્થના**

The same prayer everyday

**૭. પ્રાર્થનાના વિષય-વસ્તુ અનુરૂપ ભજન**

## ૧. ભજન

અંતર ઝૂરતું એવું
મારું અંતર ઝૂરતું એવું

## ૨. આરંભની પ્રાર્થનાઃ

(સંત ઈગ્નાસ પરના સંત ફ્રાન્સિસ ઝાવિયરના પત્રમાંથી)

હે મારા અંતરના આધ્યાત્મિક પિતા,
મારા પૂર્ણ હૃદયથી હું તમારું વંદન કરું છું.
મારી સન્મુખ તમે હાજર હો એવું ધારી
નમ્રતાથી હું તમને વિનવું છું કે
દઢ રીતે ને વધુ આગ્રહથી
તમે મને પરમપિતા પરમેશ્વરને
સમર્પણ કરી દો
જેથી તેઓ તેમની ઈચ્છા સ્પષ્ટ રીતે પારખવા
મારા અંતરને અજવાળે
અને તેને પૂર્ણપણે પૂરી કરવાની કૃપા બક્ષે.

અને આ જ માગણી
હું ઈસુસંઘના સઘળા સંતો ને શહીદોને પણ કરું છું.

## ૩. પાઠઃ

લોયોલાના સંત ઈગ્નાસની આત્મકથામાંથી પાઠ

પહેલી મજલ – દુન્યવી શૂરવીર ઈસુનો અદના સેવક બને છે.

૧૪ રસ્તામાં એક ઘટના બની ગઈ, જે અહીં લખી લેવી ઠીક ગણાશે, જેથી યાત્રીના આત્મા સાથે પ્રભુ કેવી રીતે કામ લેતા હતા તે સમજી શકાય. એનો આત્મા જોકે પોતાને આવડે એ બધી રીતે પ્રભુની સેવા કરવાની તીવ્ર ઈચ્છા ધરાવતો હતો, છતાં હજી તે આંધળો હતો. તેનો નિર્ણય કઠોર તપ કરવાનો હતો, અને તે પણ હવે પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરવાના હેતુથી નહિ, પણ ઈશ્વરને પ્રસન્ન ને રાજી કરવાના હેતુથી. આમ, સંતોએ કરેલ તપનું કોઈ કૃત્ય યાદ આવતાં તે પોતે એવું ને એથીય ભારે તપનું કાર્ય કરવાનો નિર્ધાર કરી બેસતો.

આવા વિચારોમાંથી જ તેને ભર્યું ભર્યું સાંત્વન સાંપડતું હતું. બાકી તો તેનું લક્ષ કોઈ આંતરિક બાબત ભણી જતું નહોતું. વળી, નમ્રતા, પ્રેમ ને ધીરજ એટલે શું, તેમ જ એ ગુણોની બાબતમાં યોગ્ય પ્રમાણભાન જાળવવા સારુ જોઈતો વિવેક એટલે શું, એની તેને ગતાગમ હતી નહીં. તેનો એકમાત્ર ઈરાદો તો આગળપાછળના ખાસ સંજોગોનો વિચાર કર્યા વગર, પેલાં મસમોટાં બાહ્ય અનુષ્ઠાનો કરવાનો હતો, અને તેય સંતોએ ઈશ્વરના મહિમાને અર્થે એવાં જ કાર્યો કર્યાં હતાં એટલા ખાતર જ.

## ૪. મનન—ચિંતનઃ

પ્રભુની સેવા કરવાની તીવ્ર ઈચ્છા દુન્યવી વસુતુઓને તુચ્છ ગણવામાં અને માનવ સેવામાં સઘળું આપી દેવામાં પરિણમે છે. મહા તપના કાર્યો કરવાની ને જાતને સમર્પી દેવાની તમન્ના જાગે છે. અન્ય વસ્તુઓ પર મન જતું નથી ને તે બધી વસ્તુઓ જતી કરવાનું મન થાય છે. એક માત્ર ઈશ્વરને પ્રસન્ન કરવા ને એમને પંથે પળવા મક્કમ નિર્ધાર પ્રગટી ઉઠે છે.

સદગુણોના દાતા ને તેના મૂળ ઈશ્વર છે. આવા ગુણોને સમજીને જીવનમાં ઉતારવા તે ઈશ્વર ઈચ્છા અનુસાર ચાલવાની રીત છે. પ્રેમ, ધીરજ, વિવેક એવા ગુણોથી જીવન હર્યુભર્યુ રહે તે જ ઈશ્વરનો મહિમા છે.

આપણામાં ઈશ્વરની સેવા કરવાની તમન્ના છે?

હું કઈ રીતે ઈશ્વર સેવાને કાર્યોમાં વ્યકત કરું?

સદગુણો કેળવવાની ને ઈશ્વરની સેવામાં સમર્પિત રહી સાંત્વન અનભવવાની મારી ઈચ્છા ખરી?

મન્નન—ચિંતન કરતાં થોડી વાર મૌન રાખીએ.

## ૫. અરજમાળાઃ

આપણે સંત ઈગ્નાસ મારફતે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે
તેઓ આપણા અંતરને અજવાળે
ને સારું—નરસું પારખતાં આપણને શીખવે.
આપણે આધ્યામિક વનમાં આગળ ધપતા રહીએ
ને આપણા કાર્યો મારફતે સર્વને ઈશ્વરના દર્શન કરાવીએ.

જવાબઃ ***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૧. જીવનની તરકી—છાંયડીમાં
આપણે સદા ઈશ્વરની હાજરીનો અનુભવ કરી શકીએ
ને તેમની સંગાથે જીવન માર્ગમાં આગળ ધપતા રહીએ;
કોઈ પણ પરિસ્થિતિમાં આપણી આશા ન ડગમગે
ને મક્કમપણે આપણા ધ્યેયને વળગી રહીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૨. આપણા જીવનકાર્યો મારફતે
આપણે માનવોની વાહ—વાહ મેળવવા માટે નહીં
પણ ઈશ્વર ઈચ્છાને પાર પાડવા
ને ઈશ્વરની પ્રસન્નતાને માટે આપણું કર્તવ્ય નિભાવીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૩. આપણે આધ્યાત્મિક જીવનમાં
તપના ને દયાના કાર્યો કરવાની સાચી રીત સમજીએ
તેના મારફતે ઈશ્વરની વધુ ને વધુ નિકટ આવતા રહીએ
ને આવા કાર્યો દ્વારા
આપણા અંતરને ઈશ્વરને લાયક બનાવીએ
ને માનવબંધુની સેવામાં તે વધુ પ્રેમાળ થતું રહે
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૪. સર્વ ગુણોના દાતા પરમેશ્વર
આપણા અંતરમાં પાંગરવા દીધેલા સદ્દગુણોનું મર્મ વિશે
અને તેના વિકાસ અર્થે
ને તેના મારફતે થતા ભલા વિશે આપણને ખ્યાલ આપે
અને આપણને તેના સાચા ઉપયોગ કરતાં શિખવાડે
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૫. આપણે બાહ્ય ક્રિયાઓ ને વિધિઓ કરવામાં જ સંતોષ ન માનીએ
બલ્કે આંતરિક બાબતો પર ધ્યાન આપી
આધ્યાત્મિક જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહીએ
ને આપણામાં અંતર–જ્ઞાન પ્રગટે
ને ઈશ્વર ઈચ્છા અનુસાર જીવનશૈલી અપનાવીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

## ૬. સમાપન પ્રાર્થના:

હે પ્રભુ પરમેશ્વર,
તમે ધર્મસભમાને
લોયોલાના સંત ઈગ્નાસની ભેટ આપી
ને તેમને મારફતે
ધર્મસભામાં નવી તાજગી સીંચી.
તેમના આદર્શ ને ઉપદેશને અનુસરીને
અમે તમારા અધિક મહિમા અર્થે
ને માનવ–સેવાના કાર્યો અર્થે
સદા કાર્યરત રહીએ એવી કૃપા કરો.

આ પ્રાર્થના અમે અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા કરીએ છીએ.
આમીન.

## ૭. ભજન

હે પ્રભુ મારે હૈયે નહિ અભિમાન

## ૧. ભજન

આવું તવ ચરણે દેવા મારું દાન

## ૨. આરંભની પ્રાર્થના:

(સંત ઈગ્નાસ પરના સંત ફ્રાન્સિસ ઝાવિયરના પત્રમાંથી)

હે મારા અંતરના આધ્યાત્મિક પિતા,
મારા પૂર્ણ હૃદયથી હું તમારું વંદન કરું છું.
મારી સન્મુખ તમે હાજર હો એવું ધારી
નમ્રતાથી હું તમને વિનવું છું કે
દૃઢ રીતે ને વધુ આગ્રહથી
તમે મને પરમપિતા પરમેશ્વરને
સમર્પણ કરી દો
જેથી તેઓ તેમની ઈચ્છા સ્પષ્ટ રીતે પારખવા
મારા અંતરને અજવાળે
અને તેને પૂર્ણપણે પૂરી કરવાની કૃપા બક્ષે.

અને આ જ માગણી
હું ઈસુસંઘના સઘળા સંતો ને શહીદોને પણ કરું છું.

## ૩. પાઠ:

લોયોલાના સંત ઈગ્નાસની આત્મકથામાંથી પાઠ

પહેલી મજલ – દુન્યવી શૂરવીર ઈસુનો અદના સેવક બને છે.

૧૮ ૧૫૨૨ની સાલમાં, માર્ચ મહિનામાં ઊજવાતા માતા મરિયમના પર્વના આગલા દિવસે, રાત પડ્યા પછી, બની શકે એટલી ચુપકીદીથી એક ભિખારી પાસે જઈને તેણે પોતાનાં વસ્ત્રો ઉતારીને એને આપી દીધાં, ને પોતાનો મનપસંદ પહેરવેશ પહેરી લીધો. પછી માતાજીની વેદી આગળ જઈ ઘૂંટણે પડ્યો, ને પેલો દંડ હાથમાં પકડી રાખીને ઘડીમાં ઘૂંટણે તો ઘડીમાં ઊભા ઊભા એમ તેણે આખી રાત વિતાવી.

પોતે ઓળખાઈ ન જાય એટલા માટે, પો ફાટતાં, તે ઊપડી ગયો. તેણે બાર્સિલોના તરફ જતો સીધો રસ્તો પકડ્યો નહિ, કારણ, એ શહેરમાં એને ઓળખી કાઢે ને એનું સન્માન કરે એવા ઘણા લોકોનો ભેટો થવાનો સંભવ હતો. તેને બદલે તે માનરેસા નામે ઓળખાતા એક ગામ તરફ ફંટાઈ ગયો. ત્યાં થોડા દિવસ સુધી એક ધર્મશાળામાં રહેવાનો અને અમુક બાબતો પોતાની પોથીમાં નોંધી લેવાનો તેનો વિચાર હતો. એ પોથી તે ખૂબ કાળજીથી પાસે રાખતો હતો, ને એમાંથી એને ખૂબ સાંત્વન મળ્યા કરતું.

## ૪. મનન—ચિંતન:

જાતનું સમર્પણ પોતાની જાતને શૂન્યવત બનાવવામાં ને દુન્યવી જડ—વસ્તુઓનો ત્યાગ કરવામાં પ્રગટ થાય છે. સંત ઈગ્નાસ ભકિતનો માર્ગ અપનાવે છે તે તપના ને ત્યાના કાર્યોમાં છતી થાય છે. તેઓ પોતાના વસ્ત્રોને ઉતારીને ભિખારીને આપી દે છે. માતા મરિયમ પ્રત્યેની તેમની ભકિત ને ઈશ્વર માટેની તેમની તરસ આ કાર્યથી ને તપના કાર્યો કરવાની તેમની તીવ્ર ઈચ્છાથી આપણને જોવા મળે છે. પોતે અન્ય ઓળખી પણ ન શકે એવું ગુપ્ત જીવન જીવવાનો ને ધર્મશાળામાં રહી દિવસો વિતાવવાનો નિર્ણય આપણને તેમના વૈરાગ્ય જીવનની ઝાંખી કરાવે છે. અક માત્ર ઈશ્વરને પામવા ખાતર સર્વનો ત્યાગ કરવાની એમની તમન્ના આજે પણ આપણને પ્રેરણારૂપ બની રહે છે.

મારા અંતરમાંનું હલનચલન કઈ તરફ મને દોરે છે?

ઈશ્વરની સેવામાં શું કરવાની મારી ઈચ્છા છે?

માનવ—સેવા અર્થે મારે કયા કાર્યો કરવાનો ઈરાદો છે?

મન્નન—ચિંતન કરતાં થોડી વાર મૌન રાખીએ.

## ૫. અરજમાળા:

આપણે સંત ઈગ્નાસ મારફતે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે
તેઓ આપણા અંતરમાં સાચી ભકિત પેદા કરે
અન્ય પ્રત્યેની અનુકંપા ને
તેમની સેવામાં જાતને નિચોવી નાખવાની તીવ્ર ઈચ્છા પ્રગટાવે
જડવસ્તુ ત્યાગથી ઈશ્વર સાથેનો અનન્ય પ્રેમ વિકસાવે
અંતરની સરળતા ને સાદગીમાં પોતાના દર્શન કરાવે.

જવાબ: ***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૧. જીવન—યાત્રામાં આગળ ધપતાં
આપણે આપણા અંતરમાં પ્રગટતી
ઈશ્વર પ્રત્યેની તીવ્ર ઈચ્છા પારખીએ
અન્યની જરૂરિયાત સમજવામાં ને
જાત—સમર્પણના કાર્યોમાં તેને પ્રગટ કરી શકીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૨. ઈશ્વર પરની આપણી મદાર
અન્યને માટે આપણે જે કાર્યો કરીએ
તેમાં સર્વને જોવા મળે
આપણે બાહ્ય કાર્યો દ્વારા

આંતરીક શુધ્ધતા ને ઈશ્વર સાથેની નિકટતામાં
વધુ ને વધુ આગળ ધપતા રહીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૩. આપણે આધ્યાત્મિક જીવનમાં
તપના ને દયાના કાર્યો કરવાની સાચી રીત સમજીએ
તેના મારફતે ઈશ્વરની વધુ ને વધુ નિકટ આવતા રહીએ
ને આવા કાર્યો દ્વારા
આપણા અંતરને ઈશ્વરને લાયક બનાવીએ
ને માનવબંધુની સેવામાં તે વધુ પ્રેમાળ થતું રહે
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૪. આપણને મળતી પ્રેરણા અનુસાર આપણે
તપ, સંયમ ને દાનના કાર્યો કરી
ઈશ્વરની પ્રસન્નતા અનુરૂપ જીવન જીવતાં શીખીએ
તેમણે ચીંધેલ માર્ગમાં મક્કમતાથી આગળ વધીએ
ને સૌનું ભલું કરતાં
ઈશ્વરના સાંનિધ્યમાં સાંત્વન અનુભવીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૫. આપણે આપણા અંતરમાં થતી હલનચલન ને પ્રેરણા
પારખતાં શીખીએ
તેના અનુસાર આપણું જીવન ઘડીએ
ઈશ્વરના આપણા પરના પ્રેમને અંતરમાં ગ્રહીએ
ને ઈશ્વર ઈચ્છા અનુસાર જીવનશૈલી અપનાવીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

હે પ્રભુ
મારી સ્વતંત્રતા, સ્મરણશક્તિ, સમજણશક્તિ ને મારી ઈચ્છા
તથા મારું જે કંઈ છે ને મારી પાસે જે કંઈ છે
તે સઘળું તમારે ચરણે ધરું છું.
લો અને સ્વીકારો.
તમે જ મને આ સર્વનાં દાન દીધાં છે.
તમારે ચરણે આ સઘળું સમર્પણ કરું છું.
સર્વસ્વ તમારું જ છે.
તમારી ઈચ્છા અનુસાર તેનું કરજો.
તમારાં પ્રેમ–કૃપા મારા પર વહાવજો
એટલું જ મારે માટે પૂરતું છે.
આમીન.

## ૬. સમાપન પ્રાર્થનાઃ

હે પ્રભુ પરમેશ્વર,
તમે ધર્મસભ્ભમાને
લોયોલાના સંત ઈગ્નાસની ભેટ આપી
ને તેમને મારફતે
ધર્મસભામાં નવી તાજગી સીંચી.
તેમના આદર્શ ને ઉપદેશને અનુસરીને
અમે તમારા અધિક મહિમા અર્થે
ને માનવ–સેવાના કાર્યો અર્થે
સદા કાર્યરત રહીએ એવી કૃપા કરો.

આ પ્રાર્થના અમે અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા કરીએ છીએ.
આમીન.

## ૭. ભજન

અંતર મમ વિકસિત કરો, અંતરતર હે

## ૧. ભજન

મારું રક્ષણ કરજો, કહું છું,
પ્રભુજી, શરણ તમારે રહું છું

## ૨. આરંભની પ્રાર્થના:

(સંત ઈગ્નાસ પરના સંત ફ્રાન્સિસ ઝાવિયરના પત્રમાંથી)

હે મારા અંતરના આધ્યાત્મિક પિતા,
મારા પૂર્ણ હૃદયથી હું તમારું વંદન કરું છું.
મારી સન્મુખ તમે હાજર હો એવું ધારી
નમ્રતાથી હું તમને વિનવું છું કે
દઢ રીતે ને વધુ આગ્રહથી
તમે મને પરમપિતા પરમેશ્વરને
સમર્પણ કરી દો
જેથી તેઓ તેમની ઈચ્છા સ્પષ્ટ રીતે પારખવા
મારા અંતરને અજવાળે
અને તેને પૂર્ણપણે પૂરી કરવાની કૃપા બક્ષે.

અને આ જ માગણી
હું ઈસુસંઘના સઘળા સંતો ને શહીદોને પણ કરું છું.

## ૩. પાઠ:

લોયોલાના સંત ઈગ્નાસની આત્મકથામાંથી પાઠ

બીજી મજલ – સાધનાના બાહ્યાચારથી આંતરતત્વ ભણી

કોઈ શિક્ષક બાળકને ભણાવતી વખતે જે રીતે એની સાથે કામ લેતો હોય છે તે જ રીતે, એ અરસામાં, ઈશ્વર તેની સાથે કામ લેતો. પોતે જાડી બુદ્ધિનો ને ઓછું ભણેલો હતો એને કારણે હોય, કે ઈશ્વર સિવાય એને શીખવનાર કોઈ હતું નહિ એને કારણે હોય, કે પછી ઈશ્વરે પોતાની સેવા કરવાનો એનામાં જે દૃઢ સંકલ્પ પ્રેર્યો હતો તેને કારણેય હોય-ગમે તે કારણે હોય, પણ ઈશ્વર પોતાની સાથે ઉપર કહ્યું છે તે રીતે કામ લે છે એવું તે વખતે એ દૃઢપણે માનતો હતો, ને હંમેશાં એવું જ માનતો આવ્યો છે. બલકે આના વિશે શંકા આણવી એ એને મન તો રાજરાજેશ્વરનો ગુનો કરવા બરાબર લાગે.

## ૪. મનન–ચિંતનઃ

ઈશ્વર સંત ઈગ્નાસ સાથે કામ લેવાની રીત અનોખી. સંત ઈગ્નાસે ઈશ્વર ઉપર પૂરો ભરોસો રાખી એમને પોતાના અંતરમાં ને પોતાના જીવનમાં કામ કરવા દીધું. તેઓ ઈશ્વર ઈચ્છાને પારખતા ને એને જીવનમાં ઉતારતા ને આચારમાં પ્રગટાવતા.

એનું કારણ ભલે ગમે તે હોય – જાડી બુધ્ધિનો ને ઓછું ભણેલો, ઈશ્વર સિવાય તેને શીખવનાર કોઈ હતું નહિ, ઈશ્વર સેવનો દ્રઢ સંકલ્પ – તો ય ઈશ્વર તેમને કોઈ બાળકને શિક્ષક શીખવો તેમ સંત ઈગ્નાસને ભણાવતા.

એટલે હદ સુધી તેમને ઈશ્વર ઉપર ભરોંસો કે પોતાની જાતને પૂર્ણ રીતે ઈશ્વરને સોંપી દીધી હતી.

ઈશ્વરને મારા જીવનમાં કેવું સ્થાન આપું છું?

કેટલે અંશે મારો એમના પર ભરોસો છે?

કેટલા પ્રમાણમાં હું એમને મારા જીવનમાં કામ કરવા દઉં છું?

મન્નન–ચિંતન કરતાં થોડી વાર મૌન રાખીએ.

## ૫. અરજમાળાઃ

આપણે સંત ઈગ્નાસ મારફતે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે
તેઓ આપણને અપનાવી લે
આપણા અંતરમાં વસી આપણને સાચી રીત શીખવે
આપણને નિરંતર દોરતા રહે
તેમની અનોખી રીત પારખવા ને એને સ્વીકારવા
આપણને તત્પર કરે
સદા આપણને સાથ આપી પોતામાં સમાવી લે.

જવાબઃ *હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૧. જીવન–સાધનામાં સદા આપણે આગળ વધીએ
ઈશ્વર આપણામાં જે કાર્યો કરી રહયા છે
તેને પ્રર્ણપણે આપણા અંતરમાં ગ્રહીએ
જીવનમાં ઉતારીએ
તેનાથી બળ મેળવીએ
તેને અનુસરીને ચાલીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૨. ઈશ્વર પર આપણે મક્કમ ભરોસો રાખીએ

તેમની સૂઝ ને પ્રરણા અનુસાર જીવન ઘડીએ
તેમણે ચીંધેલા માર્ગ પર પળીએ
ને સદા આપણું મન બદલવા
ને ઈશ્વરની કારજ ને તેમની રીતો અપનાવવા
તત્પર રહીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૩. આપણે આધ્યાત્મિક જીવનમાં
ઈશ્વરની હાજરી અને તેમની રીત પારખતાં શીખીએ
તેઓ આપણને દોરી લઈ જાય
તે પ્રમાણે ને તે માર્ગે
આગેકૂચ કરતા રહીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૪. આપણે ઈશ્વર પર અચલ ભરોસો રાખીએ
એમની પ્રેરણાને એળે જવા ન દઈએ
તેમને ખાતર સહજ રીતે કાર્યો કરતા રહીએ
સદા આપણા મનને
તેમની સૂઝ અનુસાર બદલવા તૈયાર રહીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૫. આપણે આપણા અંતરમાં સંકલ્પ કરીએ
કે આપણે રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓમાં
ઈશ્વરનો હાથ પારખીએ
તેના દ્વારા તેમનું કહેવું સાંભળીએ
તેનો સાર ગ્રહીએ
તેને કાર્યોમાં ખિલાવીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

હે પ્રભુ
મારી સ્વતંત્રતા, સ્મરણશકિત, સમજણશકિત ને મારી ઈચ્છા
તથા મારું જે કંઈ છે ને મારી પાસે જે કંઈ છે
તે સઘળું તમારે ચરણે ધરું છું.
લો અને સ્વીકારો.
તમે જ મને આ સર્વનાં દાન દીધાં છે.
તમારે ચરણે આ સઘળું સમર્પણ કરું છું.
સર્વસ્વ તમારું જ છે.
તમારી ઈચ્છા અનુસાર તેનું કરજો.
તમારાં પ્રેમ–કૃપા મારા પર વહાવજો
એટલું જ મારે માટે પૂરતું છે.
આમીન.

## ૬. સમાપન પ્રાર્થનાઃ

હે પ્રભુ પરમેશ્વર,
તમે ધર્મસભમાને
લોયોલાના સંત ઈગ્નાસની ભેટ આપી
ને તેમને મારફતે
ધર્મસભામાં નવી તાજગી સીંચી.
તેમના આદર્શ ને ઉપદેશને અનુસરીને
અમે તમારા અધિક મહિમા અર્થે
ને માનવ–સેવાના કાર્યો અર્થે
સદા કાર્યરત રહીએ એવી કૃપા કરો.

આ પ્રાર્થના અમે અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા કરીએ છીએ.
આમીન.

## ૭. ભજન

પરમપિતા પરિપ્રર્ણ પ્રભુ પરમેશ્વરને હું પ્રણામ કરું

## ૧. ભજન

કેવળ પ્રભુ–ચરણમાં મારા જીવને વળતી શાતા

## ૨. આરંભની પ્રાર્થના:

(સંત ઈગ્નાસ પરના સંત ફ્રાન્સિસ ઝાવિયરના પત્રમાંથી)

હે મારા અંતરના આધ્યાત્મિક પિતા,
મારા પૂર્ણ હૃદયથી હું તમારું વંદન કરું છું.
મારી સન્મુખ તમે હાજર હો એવું ધારી
નમ્રતાથી હું તમને વિનવું છું કે
દૃઢ રીતે ને વધુ આગ્રહથી
તમે મને પરમપિતા પરમેશ્વરને
સમર્પણ કરી દો
જેથી તેઓ તેમની ઈચ્છા સ્પષ્ટ રીતે પારખવા
મારા અંતરને અજવાળે
અને તેને પૂર્ણપણે પૂરી કરવાની કૃપા બક્ષે.

અને આ જ માગણી
હું ઈસુસંઘના સઘળા સંતો ને શહીદોને પણ કરું છું.

## ૩. પાઠ:

લોયોલાના સંત ઈગ્નાસની આત્મકથામાંથી પાઠ

ત્રીજી મજલ – ઈસુનો અનન્ય ઉપાસક ધર્મસભાનો સેવક બને છે.

૪૮ જ્યારે મઠમાં ખબર પડી કે તે એમ ને એમ, વગર ભોમિયાએ જતો રહ્યો છે, ત્યારે સાધુઓએ તેને શોધી કાઢવાના પ્રયત્નો આદર્યા. આથી જેતૂન પર્વત પરથી તે નીચે ઊતરતો હતો, ત્યારે મઠમાં નોકરી કરતો એક ઈસાઈ પટાવાળો એને સામો મળ્યો. તે ગુસ્સામાં ને ગુસ્સામાં એક મોટા દંડા વતી એને મારવાની ચેષ્ટા કરતો હતો. પાસે આવીને તેણે એને કસીને બાવડામાંથી પકડી લીધો. યાત્રી તો પેલાનો ઝાલ્યો કશી ખેંચતાણ કર્યા વગર ચાલવા લાગ્યો. છતાં પેલા આદમીએ એને ઘડીભર ઢીલો મૂક્યો નહિ. આમ, પટાવાળાનો ઝાલ્યો એ રસ્તે જતો હતો તે વખતે તેને આપણા પ્રભુ તરફથી ઊંડા સાંત્વનનો અનુભવ થયો. પોતે ઈસુ ખ્રિસ્તને સતત પોતાની સમક્ષ અધ્ધર જોતો હોય એવું એને લાગતું. આ બધું, અને તે પણ ખૂબ તીવ્રપણે, પોતે મઠમાં પહોંચી ગયો ત્યાં સુધી, ચાલુ રહ્યું.

## ૪. મનન–ચિંતનઃ

પોતાનો નિર્ધારે ચાલનાર સંત ઈગ્નાસ ઈશ્વર ઈચ્છાને પ્રર્ણપણે પારખવા મથે છે. તે પટાવાળો તેને પકડી લે છે – તેના પકડમાં કેડ જકડી લે છે ત્યારે એના વેગ ને ચાલવાની રીત પ્રમાણે પોતાની જાતને ચલાવી લે છે. તે ઈશ્વર ઈચ્છા તેમ તેઓ માની લે છે.

એવા સમયે ને એવા સંજોગોમાં પણ તેમને પ્રભુ તકફથી ઊંડા સાંત્વન મળે છે. તેમનાં દર્શન થાય છે. તીવ્રપણ તે અનુભવો ચાલુ રહે છે.

આપણે કેટલે અંશે બનતી ઘટનાઓમાં ઈશ્વરનું કાર્ય જોઈ શકીએ?

મને કયાં કયાં એમનાં દર્શન થાય છે?

મારા રોજિંદા જીવનમાં મને કેટલે અંશે એમના અનુભવો થાય છે?

મન્નન–ચિંતન કરતાં થોડી વાર મૌન રાખીએ.

## ૫. અરજમાળાઃ

આપણે સંત ઈગ્નાસ મારફતે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે
તેઓ આપણને રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓમાં
તેમને પારખતાં શીખવે
આપણી ઈચ્છા વિરુધ્ધના સંજોગોમાં પણ
ઈશ્વરની ઈચ્છા જોવા દૃષ્ટિ આપે
કપરી પરિસ્થિતિમાં પણ એમનાં દર્શન આપે
આપણા અંતરમાં સાંત્વન દઈ
આપણને આગળ ધપાવતા રહે.

જવાબઃ ***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૧. ઈશ્વરની આપણા પરની દયા–કરુણાનો
આપણને રોજિંદા જીવનમાં અનુભવ થાય
આપણે આપણા જ નિર્ધાર અનુસાર નહિ
પણ ઈશ્વરની ઈચ્છા અનુસાર આપણું જીવન ઘડીએ
તેઓ ચલાવે તેમ ચાલીએ
સદા તેમને જ વળગી રહીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૨. ઈશ્વર આપણને દોરતા રહે છે
એની ખાતરી આપણા અંતરમાં થાય
અણગમા વચ્ચે પણ
તેમની ઈચ્છાને પાર પાડયાનો સંતોષ

આપણા અંતરમાં વ્યાપે
જીવન ઘટનાઓ દ્વારા
આપણે તેમનો હાથ પારખીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૩. આપણને સતાવતી મુશ્કેલી ને હાડમારીઓ વચ્ચે પણ
આપણે અચલ રહી
ઈશ્વર પરની આપણી શ્રધ્ધા વ્યકત કરીએ
ને આપણી ઈચ્છા પ્રમાણે નહિ
પણ તેમને ચીંધેલા માર્ગ પર સદા ચાલીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૪. જીવનમાં બની રહેતી
ગમા—અણગમા વચ્ચે પણ
આપણે ઈશ્વર પરના ભરોસાને લીધે
કદી નિરાશ પામ્યા વિના
ઉત્સાહ ને ઉમંગથી
સદા આગળ ધપતા રહીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૫. બહાર બનતી ઘટનાઓ મધ્યે
આપણે આપણા અંતરમાં
કોલાહલ કે નિરાશા વિના
સાંત્વનનો અનુભવ કરીએ
ને આપણ જીવન મારફતે
તેને પ્રગટ કરીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

હે પ્રભુ
મારી સ્વતંત્રતા, સ્મરણશક્તિ, સમજણશક્તિ ને મારી ઈચ્છા
તથા મારું જે કંઈ છે ને મારી પાસે જે કંઈ છે
તે સઘળું તમારે ચરણે ધરું છું.
લો અને સ્વીકારો.
તમે જ મને આ સર્વનાં દાન દીધાં છે.
તમારે ચરણે આ સઘળું સમર્પણ કરું છું.
સર્વસ્વ તમારું જ છે.
તમારી ઈચ્છા અનુસાર તેનું કરજો.
તમારાં પ્રેમ–કૃપા મારા પર વહાવજો
એટલું જ મારે માટે પૂરતું છે.
આમીન.

## ૬. સમાપન પ્રાર્થનાઃ

હે પ્રભુ પરમેશ્વર,
તમે ધર્મસભમાને
લોયોલાના સંત ઈગ્નાસની ભેટ આપી
ને તેમને મારફતે
ધર્મસભામાં નવી તાજગી સીંચી.
તેમના આદર્શ ને ઉપદેશને અનુસરીને
અમે તમારા અધિક મહિમા અર્થે
ને માનવ–સેવાના કાર્યો અર્થે
સદા કાર્યરત રહીએ એવી કૃપા કરો.

આ પ્રાર્થના અમે અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા કરીએ છીએ.
આમીન.

## ૭. ભજન

શાંતિ, શાંતિ, શાંતિ, પ્રભુ, શાંતિ સદા આપો

## ૧. ભજન

અમારી ઉપર દયા કરી કરી
આશિષ, પ્રમુ, વરસાવો

## ૨. આરંભની પ્રાર્થનાઃ

(સંત ઈગ્નાસ પરના સંત ફ્રાન્સિસ ઝાવિયરના પત્રમાંથી)

હે મારા અંતરના આધ્યાત્મિક પિતા,
મારા પૂર્ણ હૃદયથી હું તમારું વંદન કરું છું.
મારી સન્મુખ તમે હાજર હો એવું ધારી
નમ્રતાથી હું તમને વિનવું છું કે
દૃઢ રીતે ને વધુ આગ્રહથી
તમે મને પરમપિતા પરમેશ્વરને
સમર્પણ કરી દો
જેથી તેઓ તેમની ઈચ્છા સ્પષ્ટ રીતે પારખવા
મારા અંતરને અજવાળે
અને તેને પૂર્ણપણે પૂરી કરવાની કૃપા બક્ષે.

અને આ જ માગણી
હું ઈસુસંઘના સઘળા સંતો ને શહીદોને પણ કરું છું.

## ૩. પાઠઃ

લોયોલાના સંત ઈગ્નાસની આત્મકથામાંથી પાઠ

ચોથી મજલ – વિદ્યાસાધના ને સાથીદારોની શોધ

તેને બીજે દિવસે ઊપડવાનું હતું. એ દિવસે વહેલી સવારે ઊઠી તે કપડાં પહેરવા લાગ્યો ત્યારે તેને એટલી બધી ભારે ભીતિ ઘેરી વળી કે પોતાથી કપડાં પહેરી શકાશે નહિ એમ એને લાગવા માંડ્યું. આમ, તેને ઊપડવાનું મન થતું નહોતું. છતાં દિવસ ઊગે એ પહેલાં તે ઘરમાંથી ને ઠેઠ શહેરમાંથી પણ બહાર નીકળી ચૂક્યો હતો. છતાં પેલો ભય એનો પીછો છોડતો નહોતો; તે આર્જેન્તેઈલ પહોંચ્યો ત્યાં સુધી તે ચાલુ જ રહ્યો. પેરિસથી રુઆનની દિશાએ ત્રણ ગાઉ દૂર આવેલું એ ગામ છે. ત્યાં આપણા પ્રભુનો ઝભ્ભો સચવાઈ રહ્યો છે એમ કહેવાય છે. આવી આંતરિક ગડમથલ સાથે એ ગામ વટાવી ગયા પછી તે એક ટેકરી ઉપર આવ્યો ત્યારે પેલી ભયની લાગણી લોપ થવા લાગી, અને એનામાં ભારે સાંત્વન ને આધ્યાત્મિક બળનો ઊભરો આવ્યો. સાથે સાથે એ એટલો બધો આનંદિત થઈ ઊઠ્યો કે ખેતરો સોંસરવા જતાં જતાં તે હર્ષનાદો કરવા ને ઈશ્વર સાથે મોટે મોટેથી વાતો કરવા મંડી પડ્યો. એ દિવસે તેણે ૧૪ ગાઉ કાપી નાખ્યા.

## ૪. મનન–ચિંતનઃ

સંત ઈગ્નાસ અનેકાનેક લાગણીના અનુભવથી ઘરાતા નથી. શાંતિનો અનુભવ. ભય ઘેરી વળે તેનો અનુભવ. આધ્યાત્મિક ભયનો ઉભરો. અતિશય આનંદની લાગણીનો અનુભવ. સંત ઈગ્નાસ આવા અનુભવો વચ્ચે ઈશ્વરની હાજરીનો અનુભવની શોધમાં છે. તે તમને જડે છે. જાણે દરિયામાં માછીમારને અચાનક મોતી મળી જાય એવો અતિશય આનંદ.

જીવનની ઘટનાઓ, તેનાથી અંતરમાં થતી લાગણીઓ અને તેના પરિણામમાં ઈશ્વર સૂચવે તે પારખવા, તેને અમલમાં મૂકવા ને તેને જીવન–ભાગય ગણવા એ એમની આધ્યાત્મિક જીવનમાં પ્રગતિ કરવાની ને આગળ ધપતા રહેવાની એક રીત છે.

આપણે અંતરમાં ઉભરાતી લાગણીઓ અને વનના અનુભવોમાં ઈશ્વરની હાજરી પારખી શકીએ?

મને કેવા કેવા અનુભવો થયા? ને એમાંથી મેં શું મેળવ્યું?

મારા અનુભવોમાં મને કયાં ઈશ્વરનાં દર્શન થયાં છ?

મન્નન–ચિંતન કરતાં થોડી વાર મૌન રાખીએ.

## ૫. અરજમાળાઃ

આપણે સંત ઈગ્નાસ મારફતે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે
આપણ અંતરમાંના હલનચલન
ને ઉભરાતી લાગણીઓના અનુભવોમાં
ઈશ્વરની હાજરી અનુભવી શકીએ
ને દરેક પ્રસંગે એમની સાથે–સંગાથે ચાલીએ
તેમને ચીંધેલા કાર્યો હાથે ધરીએ
ને તેના મારફતે
તેમની ઈચ્છા પાર પાડીએ.
જવાબઃ ***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૧. આપણે જીવન–માર્ગમાં આગળ ધપીએ ત્યારે
આપણા અંતરમાં જે હલનચલન થાય તેની પારખીએ
થતી લાગણી ને અનુભવો દ્વારા
ઈશ્વર આપણને જે શીખવે છે
તેના પર ધ્યાન ધરતા થઈએ
ને તેના અનુસાર ચાલીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૨. જીવનમાં બનતી ઘટનાઓ
ને તેનાથી પરિણમતી અસર
એને લીધે થતી લાગણી
ને આ બધાથી મળતા અનુભવોમાં
સદા ઈશ્વર આપણને દોરતા રહે છે
એનો ઉંડો ખ્યાલ
આપણા અંતરમાં નિરંતર રહે
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૩. પરંપરા ને તેનું મહત્વ
મૂલ્યો ને તેનું રહસ્ય
આમાંથી મળતી સમૃધ્ધિને
આજના સંજોગો ને પરિસ્થિતિ અનુસાર
આપણે નવલી રીતે
જીવનમાં ઉતારતા જઈએ
ને ઈશ્વર સદા એમાં પ્રગટે છે
એની ખાતરી આપણા અંતરમાં થાય
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૪. આધ્યાત્મિર બળનો ઊભરો
સદા આપણા અંતરમાં થાય
ને તેને પારખતાં ને અનુભવતાં શીખીએ
તથા સૌને તેની લ્હાણી કરાવીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૫. ઈશ્વરનો અનુભવ થતાં
આપણા અંતરમાં હર્ષનાદ પ્રગટે
ને આપણે ઈશ્વર સાથે
એકરૂપ થતા જઈએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

હે પ્રભુ
મારી સ્વતંત્રતા, સ્મરણશકિત, સમજણશકિત ને મારી ઈચ્છા
તથા મારું જે કંઈ છે ને મારી પાસે જે કંઈ છે
તે સઘળું તમારે ચરણે ધરું છું.
લો અને સ્વીકારો.
તમે જ મને આ સર્વનાં દાન દીધાં છે.
તમારે ચરણે આ સઘળું સમર્પણ કરું છું.
સર્વસ્વ તમારું જ છે.
તમારી ઈચ્છા અનુસાર તેનું કરજો.
તમારાં પ્રેમ–કૃપા મારા પર વહાવજો
એટલું જ મારે માટે પૂરતું છે.
આમીન.

## ૬. સમાપન પ્રાર્થનાઃ

હે પ્રભુ પરમેશ્વર,
તમે ધર્મસભમાને
લોયોલાના સંત ઈગ્નાસની ભેટ આપી
ને તેમને મારફતે
ધર્મસભામાં નવી તાજગી સીંચી.
તેમના આદર્શ ને ઉપદેશને અનુસરીને
અમે તમારા અધિક મહિમા અર્થે
ને માનવ–સેવાના કાર્યો અર્થે
સદા કાર્યરત રહીએ એવી કૃપા કરો.

આ પ્રાર્થના અમે અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા કરીએ છીએ.
આમીન.

## ૭. ભજન

જીવનજ્યોત જગાવો
પ્રભુ હે, જીવનજ્યોત જગાવો

## ૧. ભજન

કોણ, પ્રભુ તુજ દર્શન કાજે આવે તારી પાસ?

## ૨. આરંભની પ્રાર્થનાઃ

(સંત ઈગ્નાસ પરના સંત ફ્રાન્સિસ ઝાવિયરના પત્રમાંથી)

હે મારા અંતરના આધ્યાત્મિક પિતા,
મારા પૂર્ણ હૃદયથી હું તમારું વંદન કરું છું.
મારી સન્મુખ તમે હાજર હો એવું ધારી
નમ્રતાથી હું તમને વિનવું છું કે
દૃઢ રીતે ને વધુ આગ્રહથી
તમે મને પરમપિતા પરમેશ્વરને
સમર્પણ કરી દો
જેથી તેઓ તેમની ઈચ્છા સ્પષ્ટ રીતે પારખવા
મારા અંતરને અજવાળે
અને તેને પૂર્ણપણે પૂરી કરવાની કૃપા બક્ષે.

અને આ જ માગણી
હું ઈસુસંઘના સઘળા સંતો ને શહીદોને પણ કરું છું.

## ૩. પાઠઃ

લોયોલાના સંત ઈગ્નાસની આત્મકથામાંથી પાઠ

મંજિલ – સર્વત્ર ને સર્વ વાતે ઈશ્વરનો સાક્ષાત્કાર

૧૦૦ તે પરમયજ્ઞ ચડાવતા હતા ત્યારે પણ એમને ઘણાં દર્શનો લાધતાં હતાં. તે બંધારણ ઘડતા હતા ત્યારે પણ એમને વારંવાર આવાં દર્શનો લાધતાં હતાં. તેમણે ઉમેર્યું કે અત્યારે આના વિશે પોતે વધારે સહેલાઈથી ખાતરી આપી શકે એમ હતું, કારણ, પોતાના અંતરમાં જે કાંઈ ચાલી રહ્યું છે તે રોજ નોંધી લેતા, અને અત્યારે એ બધું પોતાની પાસે લખેલું પડ્યું છે. એમ કહીને તેમણે મને લખાણોનો એક ખાસ્સો મોટો થોકડો બતાવ્યો ને એમાંથી કેટલોક ભાગ વાંચી સંભળાવ્યો.*** મોટે ભાગે એમાં બંધારણની કોઈ એકાદ કલમના સમર્થનમાં એમણે જોયેલાં દર્શનોની વાત હતી. કોકવાર તેમને પિતા પરમેશ્વરનું દર્શન થતું હતું તો કોઈ વાર પરમ ત્રૈક્યના ત્રણે જણનાં દર્શન થતાં હતાં, તો વળી કોઈ વાર એમને માટે અરજ ગુજારતાં અથવા એમણે લીધેલા નિર્ણયોનું સમર્થન કરતાં માતા મરિયમનાં દર્શન થતાં હતાં.

## ૪. મનન–ચિંતનઃ

સંત ઈગ્નાસને મન પરમયજ્ઞ ઈશ્વરની (ઈસુની) વિશેષ હાજરીનો અનુભવ બની રહેતો. મોટા ભાગના નિર્ણયો તે પરમયજ્ઞમાં લતા. કોઈ વાત તેમના મનમાં ગુંજતી હોય અને તેના વિશે સ્પષ્ટતા કે સમર્થનની જરૂર લાગે તો તે પરમયજ્ઞમાં તેમને મળી જતાં. અને ખાસ તો અગત્યની કે ઈસુસંઘની વાત હોય તો તેનું સમર્થન તેને દિવ્ય–દર્શનમાં મળતું. તેમને વારંવાર પરમપિતાનાં કે પરમત્રૈકયનાં કે માતા મરિયમનાં એમ અનેક દર્શનો લાધ્યાં.

ભકિત ને શ્રધ્ધાથી આદરેલાં એમના કાર્યો હંમેશાં ફળદાયી નીવડયા. પછી ભલે એ આદરેલું કાર્ય હોય કે લેવાયલા નિર્ણયો હોય. મક્કમતા એમનામાં આવી જતી. એમને એટલી ખાતરી મળી જતી કે કોઈ પણ દુન્યવી તાકાત તેને ફેરવી ન શકે.

આપણે પરમયજ્ઞમાં ભાગ લેવા ને પ્રભુની હાજરીનો અનુભવ કરવા કેટલા ઉત્સુક છીએ?

હું કેટલા પ્રમાણમાં આધ્યાત્મિક કાર્યોમાં મન પરોવું છું?

મને ઈશ્વરનો અનુભવ કયારે થાય છે? મારા અંતરમાં ઈશ્વરના મન દર્શન થયાં છે?

મન્નન–ચિંતન કરતાં થોડી વાર મૌન રાખીએ.

## ૫. અરજમાળાઃ

આપણે સંત ઈગ્નાસ મારફતે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે
આપણા રોજિંદા જીવનમાં
આપણે પરમયજ્ઞને ઉચિત સ્થાન આપીએ
તેમાં ઈશ્વરની હાજરીનો
સાક્ષાત ઈસુની હાજરીનો અનુભવ કરીએ
ને સદા તેને કાજે તલસતા રહીએ
સર્વ વાતે તેમના સમર્થનથી જીવનમાં આગળ વધીએ.

જવાબઃ ***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૧. આપણે આપણા દુન્યવી જીવન દરમ્યાન
દિવ્ય જીવન ભણી આપણી દ્દષ્ટિ મંડાયેલી રાખીએ
ઈશ્વરનાં દર્શન અર્થે ઝંખતા રહીએ
સદા પ્રેમના તાંતણે ઈશ્વર ને માનવબંધુ સાથે
આપણી જાતને બંધાયેલી રાખીએ
અને બધી વાતે તેમને માથે રાખી ચાલીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૨. જીવનમાં લેવાના અગત્યના નિર્ણયો
કે આદરવાના કાર્યોને
આપણે ઈશ્વરને સમર્પિત કરીએ
ને તેમના ચીંધવા મુજબ
તેમાં આગળ વધીએ
તેમની પ્રેરણા અનુસાર તેને પાર પાડીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૩. પરમયજ્ઞ આપણા જીવનનું કેન્દ્રબિંદુ બની રહે
ઈશ્વરની હાજરીનો ત્યાં આપણને અનુભવ થાય
નિરંતર તેમના પ્રેમમાં આપણે તરબાળ થઈએ
ને તેમની વધુ ને વધુ નિકટ આવતા રહીએ
સદા ઈશ્વરને કાજે આપણે તલસતા રહીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૪. આપણે આધ્યાત્મિકતામાં પ્રગતિ કરીએ
ઈશ્વર તરફ ચોક્કસપણે વળીએ
આપણું મંજિલ હંમેશાં નજર આગળ રાખીએ
સતત સારા કાર્યો કરતા રહીએ
અન્યની સેવામાં ઈશ્વરનાં દર્શન પામીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૫. આપણા અંતરમાં
આપણને થતા ઈશ્વરનો અનુભવોનો
આપણે નોંધ લઈએ
તેને યાદ કરીએ
એનાથી મળતો અતિશય આનંદ
આપણે અન્ય સાથે વહેંચીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

| |
|---|
| હે પ્રભુ<br>મારી સ્વતંત્રતા, સ્મરણશક્તિ, સમજણશક્તિ ને મારી ઈચ્છા<br>તથા મારું જે કંઈ છે ને મારી પાસે જે કંઈ છે<br>તે સઘળું તમારે ચરણે ધરું છું.<br>લો અને સ્વીકારો.<br>તમે જ મને આ સર્વનાં દાન દીધાં છે.<br>તમારે ચરણે આ સઘળું સમર્પણ કરું છું.<br>સર્વસ્વ તમારું જ છે.<br>તમારી ઈચ્છા અનુસાર તેનું કરજો.<br>તમારાં પ્રેમ–કૃપા મારા પર વહાવજો<br>એટલું જ મારે માટે પૂરતું છે.<br>આમીન. |

## ૬. સમાપન પ્રાર્થનાઃ

હે પ્રભુ પરમેશ્વર,
તમે ધર્મસભમાને
લોયોલાના સંત ઈગ્નાસની ભેટ આપી
ને તેમને મારફતે
ધર્મસભામાં નવી તાજગી સીંચી.
તેમના આદર્શ ને ઉપદેશને અનુસરીને
અમે તમારા અધિક મહિમા અર્થે
ને માનવ–સેવાના કાર્યો અર્થે
સદા કાર્યરત રહીએ એવી કૃપા કરો.

આ પ્રાર્થના અમે અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા કરીએ છીએ.
આમીન.

## ૭. ભજન

અંતર મમ વિકસિત કરો, અંતરતર હે

## ૧. ભજન

આવો મારે પગલે પગલે

## ૨. આરંભની પ્રાર્થનાઃ

(સંત ઈગ્નાસ પરના સંત ફ્રાન્સિસ ઝાવિયરના પત્રમાંથી)

હે મારા અંતરના આધ્યાત્મિક પિતા,
મારા પૂર્ણ હૃદયથી હું તમારું વંદન કરું છું.
મારી સન્મુખ તમે હાજર હો એવું ધારી
નમ્રતાથી હું તમને વિનવું છું કે
દૃઢ રીતે ને વધુ આગ્રહથી
તમે મને પરમપિતા પરમેશ્વરને
સમર્પણ કરી દો
જેથી તેઓ તેમની ઈચ્છા સ્પષ્ટ રીતે પારખવા
મારા અંતરને અજવાળે
અને તેને પૂર્ણપણે પૂરી કરવાની કૃપા બક્ષે.

અને આ જ માગણી
હું ઈસુસંઘના સઘળા સંતો ને શહીદોને પણ કરું છું.

## ૩. પાઠઃ

લોયોલાના સંત ઈગ્નાસની આધ્યાત્મકસાધનામાંથી પાઠ

બીજું સપ્તાહ – સનાતન રાજાધિરાજની હાકલ

૯૭ જેમને જેમને પોતાના સનાતન રાજાધિરાજ ને વિશ્વેશ્વર પ્રત્યે વધુ ભક્તિ બતાવવાની ને એમની દરેક પ્રકારની સેવામાં આગળપડતો ભાગ ભજવવાની તમન્ના હશે તેઓ પ્રભુના કામ માટે પોતાની જાત તો ધરી દેશે, એટલું જ નહિ પણ, ઈન્દ્રિયસુખની લાલસા ને દુન્યવી મોહમાયા વિરુદ્ધ જઈને તેઓ સર્વશ્રેષ્ઠ સમર્પણ કરશે, કહેશે :

હે સકલ વિશ્વના સનાતન પ્રભુ, આપનાં મહિમાવંત માતા તેમ જ સ્વર્ગદરબારનાં સર્વ સંત સ્ત્રીપુરુષોની સાક્ષીએ હું આપ પરમકૃપાળુને ચરણે મારું નિવેદન કરું છું: મારે આપને પગલે ચાલવું છે. આપની અધિક સેવા ને સ્તુતિ થતી હોય તો મારે આપની જેમ દરેક પ્રકારનાં અપમાન ને તિરસ્કાર સહન કરવાં છે, મારે આંતરિક અપરિગ્રહને વરવું છે તથા, એવા જીવનમાર્ગ માટે મારી પસંદગી ને મારો સ્વીકાર કરવાની આપ રાજરાજેશ્વરની મરજી હશે, તો સ્વૈચ્છિક ગરીબીનો માર્ગ પણ અપનાવવો છે.* આ જ મારી ઈચ્છા છે, આ જ મારી મનોકામના છે, પૂરા વિચારથી કરેલો આ જ મારો સંકલ્પ છે.

## ૪. મનન—ચિંતનઃ

સનાતન રાજાધિરાજની હાકલ આપણા અંતરમાં પડઘા પાડે છે. એ આપણને પોતાના જ બની રહેવા હાકલ કરે છે. એનો યોગ્ય પ્રતિસાદ આપવા સૂચકરૂપે સંત ઈગ્નાસ આપણને શું કહેવું તે બતાવી આપે છે. અને સાથોસાથ પોતાની જાતને ધરી દેવું એટલું જ નહીં પરંતુ ઈન્દ્રિયસુખની લાલસા ને દુન્યવી મોહમાયા વિરુધ્ધ જવાની ધગશ આપણામાં પ્રેરે છે.

કાર્ય અઘરું હોવા છતાં એના તરફ આપણે આકર્ષાઈએ એવું સંત ઈગ્નાસ ઈચ્છે છે. આપણને એ તરફ જવા અનુરોધે છે. અપમાન ને તિરસ્કાર સહન કરવા તૈયાર કરે છે. અપરિગ્રહ ને ગરીબીનો માર્ગ અપનાવવા આપણને પ્રેરે છે.

આપણા અંતરમાં પડઘાતો આ સાદ આપણને કઈ તરફ દોરે છે?

રાજાધિરાજ પાછળ જવા હું કેટલા પ્રમાણમાં ઉત્સુક છું?

મને ઈશ્વરના કામમાં હાજર થવામાં કઈ કઈ બાબત નડતરરૂપ છે?

મનન—ચિંતન કરતાં થોડી વાર મૌન રાખીએ.

## ૫. અરજમાળાઃ

આપણે સંત ઈગ્નાસ મારફતે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે
આપણા અંતરમાં પડઘાતો એમનો સાદ
આપણે કાને ધરી
અંતરમાં ઉતારી
તેની પ્રેરણા અનુસાર
તેનો ઉત્તર વાળીએ
નિત્ય વળગી રહીએ
અને જીવનભર તેને નિભાવીએ

જવાબઃ ***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૧. સનાતન રાજાધિરાજની હાકલ
સદા આપણને દોરી રહે
આપણા જીવનમાર્ગમાં સદા આપણને ધપાવે
અંતરમાં અનેરો આનંદ ફેલાવે
અન્યની સેવા અર્થે આપણને કટીબદ્ધ કરે
અને સર્વસ્વનો ત્યાગ કરવાની ભાવના
આપણામાં જગાડે
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૨. આપણે ઈશ્વરને સમર્પિત જીવન જીવીએ
તેમની હાકલ અનુસાર વિવેકબુધ્ધિથી

આપણે યોગ્ય ઉત્તર જીવનથી વાળીએ
એમનું અનુકરણ કરતાં
એમને પગલે ચાલીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૩. જીવન ઈશ્વરની ભેટ છે
ઈશ્વરની ઈચ્છા અનુસાર
એમની હાકલને છાજે
એવું જીવન જીવવા
મક્કમ નિર્ધાર કરીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૪. સંત ઈગ્નાસે બતાવી આપેલ
સન્માર્ગમાં આપણે
ઈશ્વરની હાકલ અનુસાર
આપણો ધ્યેય મનમાં રાખી
શાશ્વત જીવન ભણી
આપણા ચરણો વાળીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૫. આપણી જીવન–સ્થિતિ અનુસાર
આપણા અંતરમાં સુણાતી એમની હાકલને કાને ધરી
મન મૂકીને ને પૂરા દિલથી
ઈસુની પાછળ પાછળ ચાલી નીકળીએ
ને એમને છાજે એવુ જીવન ગાળતા રહીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

| |
|---|
| હે પ્રભુ<br>મારી સ્વતંત્રતા, સ્મરણશકિત, સમજણશકિત ને મારી ઈચ્છા<br>તથા મારું જે કંઈ છે ને મારી પાસે જે કંઈ છે<br>તે સઘળું તમારે ચરણે ધરું છું.<br>લો અને સ્વીકારો.<br>તમે જ મને આ સર્વનાં દાન દીધાં છે.<br>તમારે ચરણે આ સઘળું સમર્પણ કરું છું.<br>સર્વસ્વ તમારું જ છે.<br>તમારી ઈચ્છા અનુસાર તેનું કરજો.<br>તમારાં પ્રેમ–કૃપા મારા પર વહાવજો<br>એટલું જ મારે માટે પૂરતું છે.<br>આમીન. |

## ૬. સમાપન પ્રાર્થના:

હે પ્રભુ પરમેશ્વર,
તમે ધર્મસભમાને
લોયોલાના સંત ઈગ્નાસની ભેટ આપી
ને તેમને મારફતે
ધર્મસભામાં નવી તાજગી સીંચી.
તેમના આદર્શ ને ઉપદેશને અનુસરીને
અમે તમારા અધિક મહિમા અર્થે
ને માનવ–સેવાના કાર્યો અર્થે
સદા કાર્યરત રહીએ એવી કૃપા કરો.

આ પ્રાર્થના અમે અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા કરીએ છીએ.
આમીન.

## ૭. ભજન

મનથી નક્કી કર્યું છે મેં

## ૧. ભજન

હે ભગવાન, હે ભગવાન, હું તારું ધરું છું ધ્યાન

## ૨. આરંભની પ્રાર્થના:

(સંત ઈગ્નાસ પરના સંત ફ્રાન્સિસ ઝાવિયરના પત્રમાંથી)

હે મારા અંતરના આધ્યાત્મિક પિતા,
મારા પૂર્ણ હૃદયથી હું તમારું વંદન કરું છું.
મારી સન્મુખ તમે હાજર હો એવું ધારી
નમ્રતાથી હું તમને વિનવું છું કે
દૃઢ રીતે ને વધુ આગ્રહથી
તમે મને પરમપિતા પરમેશ્વરને
સમર્પણ કરી દો
જેથી તેઓ તેમની ઈચ્છા સ્પષ્ટ રીતે પારખવા
મારા અંતરને અજવાળે
અને તેને પૂર્ણપણે પૂરી કરવાની કૃપા બક્ષે.

અને આ જ માગણી
હું ઈસુસંઘના સઘળા સંતો ને શહીદોને પણ કરું છું.

## ૩. પાઠ:

### લોયોલાના સંત ઈગ્નાસની આધ્યાત્મકસાધનામાંથી પાઠ

બીજું સપ્તાહ – પોતાની હાલની જીવન–અવસ્થામાં સુધારો આણીને કેવી રીતે ઉચ્ચતર વજીન જીવવું તે અંગેની સૂચનાઓ (૧૮૭)

એમને એમ ઠસાવવું કે આપણા પ્રભુ પરમેશ્વરની સ્તુતિ ને મહિમા તેમ જ પોતાના આત્માનું કલ્યાણ એ જ એમનાં સર્જન, જીવન ને અવસ્થાનું એકમાત્ર લક્ષ્ય છે.

આ હેતુ સિદ્ધ કરવા માટે એમણે સાધનાની જુદી જુદી પ્રવૃત્તિઓ દરમ્યાન ને પસંદગી માટેની ઉપર સમજાવેલી જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરીને ખૂબ કાળજીપૂર્વક વિચાર કરવો જોઈએ કે પોતે નોકરચાકરોનો કેટલો મોટો કાફલો રાખવો, કેવી રીતે એનો વહીવટ કરવો ને કેવી રીતે એ લોકોને પોતાનાં વાણીવર્તનથી દાખલો બેસાડવો, એ જ રીતે તેમણે પોતાની સાધનસંપત્તિ વિશે વિચાર કરવો જોઈએ. કેટલી સાધનસંપત્તિ પોતાના ઘરકુટુંબને માટે રાખવી, ને કેટલી ગરીબોને દાન કરવામાં ને અન્ય ધર્મકાર્યોમાં વાપરવી; ને આમાં એણે એક જ નેમ સામે રાખવાની છે કે, સર્વ દ્વારા ને સર્વ વાતે ઈશ્વરનાં અધિક મહિમા ને સ્તુતિ થાય. કારણ, દરેકે સમજી લેવાનું છે કે, પોતે જેટલા પ્રમાણમાં સ્વપ્રેમ, સ્વેચ્છા ને સ્વાર્થનો ત્યાગ કરશે તેટલા જ પ્રમાણમાં તે આધ્યાત્મિક માર્ગમાં પ્રગતિ સાધી શકશે.

## ૪. મનન–ચિંતન:

જીવન જીવવાની શૈલી અને તે અંગેની સૂચનાઓ સંત ઈગ્નાસને મન અત્યંત અગત્યની વાત છે. વાણીવર્તન ઉપર માત્ર નહીં પણ સમગ્ર જીવનને આવરી લઈને તેનું અવલોકન કરીએ તેના પર મનન–ચિંતન કરીને યોગ્ય પગલાં ભરવા સંત ઈગ્નાસ અનુરોધે છે.

આમ આધ્યાત્મિક જીવનમાં આગળ ધપતા રહેવાની રીત શીખવાડે છે. સ્વપ્રેમ, સ્વેચ્છા ને સ્વાર્થનો ત્યાગ કરવા ને ઈશ્વરની સ્તુતિ ને પોતાના આત્માનું કલ્યાણ સાધવા પ્રેરે છે, અનુરોધે છે ને આગ્રહ કરે છે.

આપણે કેટલે અંશે આ વાતને માન્ય રાખવા ને સ્વીકારવા તૈયાર છીએ?

હું ઈશ્વરના અધિક મહિમાને અર્થે મારી જીવન શૈલી બદલવા તૈયાર છું કે કેમ?

હું ઈશ્વરને મારા જીવનમાં કેવું સ્થાન આપું છું?

મનન–ચિંતન કરતાં થોડી વાર મૌન રાખીએ.

## ૫. અરજમાળા:

આપણે સંત ઈગ્નાસ મારફતે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે
આપણા જીવનમાં સુધારા લાવવા માટે
એમણે આપેલી રીત અપનાવી
સરળ ને સમૃધ્ધ જીવન જીવતાં શીખીએ
પોતાની જાતને એમને અનુરૂપ સજ્જ કરીએ
ને સર્વ વાતે એમનો મહિમા થાય
એ રીતે જીવન ઘડીએ

જવાબ: ***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૧. પોતાની સ્થિતિને ધ્યાનમાં લઈ
આપણે આપણી જાતની તપાસ કરીએ
ને જીવનમાં પ્રગતિ કરવા જરૂરી રીત અપનાવી
જીવન માર્ગમાં આગેકૂચ કરીએ
ઈશ્વરનો મહિમા અર્થે કાર્યશીલ રહીએ
સદા ઉદાર ને સરળ રહીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૨. આપણી જીવન જીવવાની રીત બદલીએ
ઈશ્વર આપણે હાકલ કરે તે અનુરૂપ જીવન ઘડીએ
ઈશ્વર મહિમાનો હેતુ આપણા જીવનમાં સિધ્ધ થાય

ને આપણે સદા એમણે ચીંધેલા માર્ગ પર
મક્કમ પગલે ચાલીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૩. જીવનશૈલી બદલવાની ભાગના આપણામાં ગ્રગટે
સાધન–સંપત્તિનો સદઉપયોગ કરીએ
જરૂરિયાત પ્રમાણે નેની વપરાશ કરીએ
અન્ય પ્રત્યેની અનુકંતાને લીધે
તેમને તેનો લાભ આપીએ
ને ધર્મકાર્યોમાં તેનો ઉપયોગ કરી
ઈશ્વરનો મહિમા કરીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૪. માનવ બનેલા ઈશ્વરનું
સર્જન, જીવન ને અવસ્થાનું લક્ષ્ય
સદા આપણી નજર આગળ રાખીએ
ને આપણા જીવન મારફતે
પરમેશ્વરની સ્તુતિ ને આપણું કલ્યાણ થાય
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૫. આપણે જીવન–માર્ગ કાપતાં
સદા આપણી જાતને
પરમેશ્વરની ને અન્યની સેવામાં
ખર્ચી શકીએ
ને આપણું જીવન ઈશ્વરની નજરે સાર્થક બને
ને એમનો મહિમા નિરંતર થાય
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

હે પ્રભુ
મારી સ્વતંત્રતા, સ્મરણશકિત, સમજણશકિત ને મારી ઈચ્છા
તથા મારું જે કંઈ છે ને મારી પાસે જે કંઈ છે
તે સઘળું તમારે ચરણે ધરું છું.
લો અને સ્વીકારો.
તમે જ મને આ સર્વનાં દાન દીધાં છે.
તમારે ચરણે આ સઘળું સમર્પણ કરું છું.
સર્વસ્વ તમારું જ છે.
તમારી ઈચ્છા અનુસાર તેનું કરજો.
તમારાં પ્રેમ–કૃપા મારા પર વહાવજો
એટલું જ મારે માટે પૂરતું છે.
આમીન.

## ૬. સમાપન પ્રાર્થનાઃ

હે પ્રભુ પરમેશ્વર,
તમે ધર્મસભમાને
લોયોલાના સંત ઈગ્નાસની ભેટ આપી
ને તેમને મારફતે
ધર્મસભામાં નવી તાજગી સીંચી.
તેમના આદર્શ ને ઉપદેશને અનુસરીને
અમે તમારા અધિક મહિમા અર્થે
ને માનવ–સેવાના કાર્યો અર્થે
સદા કાર્યરત રહીએ એવી કૃપા કરો.

આ પ્રાર્થના અમે અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા કરીએ છીએ.
આમીન.

## ૭. ભજન

નાથ, તારે ચરણ શરણ સર્વ જાય, શુભ મહિમા, ગુણ ગાય

## ૧. ભજન

હરીભરી આ સુંદર ધરતી

## ૨. આરંભની પ્રાર્થના:

(સંત ઈગ્નાસ પરના સંત ફ્રાન્સિસ ઝાવિયરના પત્રમાંથી)

હે મારા અંતરના આધ્યાત્મિક પિતા,
મારા પૂર્ણ હૃદયથી હું તમારું વંદન કરું છું.
મારી સન્મુખ તમે હાજર હો એવું ધારી
નમ્રતાથી હું તમને વિનવું છું કે
દઢ રીતે ને વધુ આગ્રહથી
તમે મને પરમપિતા પરમેશ્વરને
સમર્પણ કરી દો
જેથી તેઓ તેમની ઈચ્છા સ્પષ્ટ રીતે પારખવા
મારા અંતરને અજવાળે
અને તેને પૂર્ણપણે પૂરી કરવાની કૃપા બક્ષે.

અને આ જ માગણી
હું ઈસુસંઘના સઘળા સંતો ને શહીદોને પણ કરું છું.

## ૩. પાઠ:

### લોયોલાના સંત ઈગ્નાસની આધ્યાત્મકસાધનામાંથી પાઠ

ચોથું સપ્તાહ – ઈશ્વરના પ્રેમનું ગ્રહણ કરવા માટેનુ ધ્યાન (૨૩૬)
(Contemplation to obtain God's Love)

૨૩૫ ૨જો મુદ્દો. પરમેશ્વર સૃષ્ટિની હરેક ચીજમાં કેવી રીતે વાસો કરે છે તેનો વિચાર કરવો. પદાર્થોમાં વસીને તે તેમને અસ્તિત્વ આપે છે, વનસ્પતિમાં વસીને તેને ચેતન આપે છે, પ્રાણીઓમાં વસીને તેને સંવેદનશક્તિ આપે છે, ને માણસોમાં વસીને તેમને બુદ્ધિશક્તિ આપે છે. વળી, તેમણે મને પોતાનું મંદિર બનાવી દીધો છે, કારણ, તેમણે મને પોતાની પ્રતિમારૂપે ઘડ્યો છે. પછી, પહેલા મુદ્દાની અંદર બતાવેલી પદ્ધતિએ, અથવા મને વધુ યોગ્ય લાગતી હોય એવી બીજી કોઈ પણ પદ્ધતિએ, મારા મનમાં વિચારમનન કરવું. પછીના દરેક મુદ્દામાં પણ એ જ પ્રમાણે કરવું.

૨૩૬ ૩જો મુદ્દો. પૃથ્વીના પટ પરની બધી સર્જેલી વસ્તુઓમાં ઈશ્વર મારે ખાતર કેવી રીતે કામ કરે છે ને શ્રમ લે છે તેનો વિચાર કરવો; મતલબ કે તે શ્રમ લેતા હોય એવી રીતે વર્તે છે. આકાશનાં તત્ત્વોને, પૃથ્વીના પદાર્થોને, વનસ્પતિને, ફૂલઝાડોને, ઢોરોને, વગેરેને તે અસ્તિત્વ આપી રહ્યા છે, તેમનું પાલનપોષણ કરી રહ્યા છે, તેમને જીવન, સંવેદનશક્તિ વગેરે દઈ રહ્યા છે. પછી મનમાં વિચારમનન કરવું.

## ૪. મનન–ચિંતનઃ

અસ્તિત્વ એ ઈશ્વરની ભેટ છે. અમૂલ્ય ભેટ છે. એટલું જ નહી, ઈશ્વર બધી ચીજવસ્તુઓ ને સકલ સૃષ્ટિમાં વસીને એને અસ્તિત્વ આપે છે ને તે સઘળી વસ્તુ માનવને પોતાના પ્રેમની રૂપે ધરે છે. તે સઘળી વસ્તુઓમાં એ કાર્યરત રહે છે ને આપણને સૌથી શ્રેષ્ઠ વસ્તુ આપવા માટે તે મહેનત કરે છે.

પ્રેમ કાર્યોમાં પ્રગટે છે. આપણો ઈશ્વર આપણા માટે સદા કાર્યો કરતા રહે છે.

ઉંડા પ્રેમની ઉંડી રીત.

આપણે ઈશ્વરના આવા પ્રેમને પામવા કોઈ રીતે પ્રયત્ન કર્યો છે?

હું કેવી રીતે આ પ્રેમને મનન–ચિંતનથી ગ્રહણ કરવા સમય ગાળ્યો છે?

આવા મારા પરના પ્રેમનો હું ઈશ્વરને મારા જીવન દ્વારા કેવો બદલો આપી શકું?

મન્નન–ચિંતન કરતાં થોડી વાર મૌન રાખીએ.

## ૫. અરજમાળાઃ

આપણે સંત ઈગ્નાસ મારફતે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે
આપણા પરના એમના પ્રેમને આપણે પારખી શકીએ
તેની ઉંડાઈ સમજી શકીએ
ને તેનું અંતરથી ગ્રહણ કરી શકીએ
અને તેને અનુરૂપ વર્તનથી
આપણા જીવન મારફતે યોગ્ય બદલો વાળી શકીએ

જવાબઃ ***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૧. ઈશ્વરના પ્રેમ પામવાની પાત્રતા
આપણામાં કંઈક અંશે છે
એની ખાતરી આપણા અંતરમાં થાય
તેને વિકસાવવા સદા કાર્યશીલ રહીએ
ઈશ્વરની કારજ પર મનન–ચિંતન કરીએ
એમની પ્રેમ વ્યકત કરવાની અનોખી રીત
આપણને સદા સાંત્વન આપે
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૨. રોજિંદા જીવનમાં
આપણે ઈશ્વરની કરુણા ને પ્રેમને પારખીએ
આપણા વિશેની તેમની દરકાર જોઈ વારી જઈએ
સદા તેમના પ્રેમને અંતરમાં ગ્રહીએ
તે જ પ્રેમને અન્ય સુધી પહોંચાડીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૩. આપણે પ્રકૃતિ સંપત્તિને
ઈશ્વરની ભેટ જાણી
તેની સાથેનો વ્યવહાર માનપૂર્વક કરીએ
માત્ર આપણી તૃષા સંતોષવા માટે જ નહિ
સર્વની જરૂરિયાત ધ્યાનમાં રાખી
વિવેકપૂર્વક જતન કરીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૪. આપણે ઈશ્વર સાથે જોડાયેલા રહીએ
ને એમણે આપેલી આ સર્વ સૃષ્ટિની ભેટ મારફતે
ઈશ્વર સાથે ને એકબીજા સાથેનો આપણો નાતો
હંમેશાં જાળવીએ
સૃષ્ટિનો વિનાશ એકબીજા સાથેના નાતાનો પણ વિનાશ નોતરે
એ સમજીને સૃષ્ટિનું જતન કરીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૫. કુદરતની સાથે રહેતાં
આપણે કદી એકલા નથી એની સભાનતા રાખીએ
કુદરત સાથે કુદરતની રીત અપનાવી
સર્વને માટે જીવન જીવવાના સંજોગો વિકસાવીએ
સર્જેલી સૃષ્ટિ સાથેના વ્યવહારમાં
તેના મહીં પણ વસનાર ઈશ્વરનો સાક્ષાત્કાર કરીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

હે પ્રભુ
મારી સ્વતંત્રતા, સ્મરણશકિત, સમજણશકિત ને મારી ઈચ્છા
તથા મારું જે કંઈ છે ને મારી પાસે જે કંઈ છે
તે સઘળું તમારે ચરણે ધરું છું.
લો અને સ્વીકારો.
તમે જ મને આ સર્વનાં દાન દીધાં છે.
તમારે ચરણે આ સઘળું સમર્પણ કરું છું.
સર્વસ્વ તમારું જ છે.
તમારી ઈચ્છા અનુસાર તેનું કરજો.
તમારાં પ્રેમ–કૃપા મારા પર વહાવજો
એટલું જ મારે માટે પૂરતું છે.
આમીન.

## ૬. સમાપન પ્રાર્થના:

હે પ્રભુ પરમેશ્વર,
તમે ધર્મસભમાને
લોયોલાના સંત ઈગ્નાસની ભેટ આપી
ને તેમને મારફતે
ધર્મસભામાં નવી તાજગી સીંચી.
તેમના આદર્શ ને ઉપદેશને અનુસરીને
અમે તમારા અધિક મહિમા અર્થે
ને માનવ–સેવાના કાર્યો અર્થે
સદા કાર્યરત રહીએ એવી કૃપા કરો.

આ પ્રાર્થના અમે અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા કરીએ છીએ.
આમીન.

## ૭. ભજન

પરમપિતા પરિપૂર્ણ પ્રભુ પરમેશ્વરને હું પ્રણામ કરું

## ૧. ભજન

ઈશ્વર, હે મુજ ઈશ્વર

(or Alternate Bhajan)

તુજને મુજ પ્રભજી કરી રાખું

## ૨. આરંભની પ્રાર્થના:

(સંત ઈગ્નાસ પરના સંત ફ્રાન્સિસ ઝાવિયરના પત્રમાંથી)

હે મારા અંતરના આધ્યાત્મિક પિતા,
મારા પૂર્ણ હૃદયથી હું તમારું વંદન કરું છું.
મારી સન્મુખ તમે હાજર હો એવું ધારી
નમ્રતાથી હું તમને વિનવું છું કે
દૃઢ રીતે ને વધુ આગ્રહથી
તમે મને પરમપિતા પરમેશ્વરને
સમર્પણ કરી દો
જેથી તેઓ તેમની ઈચ્છા સ્પષ્ટ રીતે પારખવા
મારા અંતરને અજવાળે
અને તેને પૂર્ણપણે પૂરી કરવાની કૃપા બક્ષે.

અને આ જ માગણી
હું ઈસુસંઘના સઘળા સંતો ને શહીદોને પણ કરું છું.

## ૩. પાઠ:

### લોયોલાના સંત ઈગ્નાસની આધ્યાત્મકસાધનામાંથી પાઠ

ચોથું સપ્તાહ – ઈશ્વરના પ્રેમનું ગ્રહણ કરવા માટેનુ ધ્યાન (૨૩૪)
(Contemplation to obtain God's Love)

૨૩૪ ૧લો મુદ્દો. પહેલા મુદ્દામાં ઈશ્વર તરફથી મને મળેલા ઉપકારો સ્મરણમાં લાવવાના છે. તેમણે મારું સર્જન કર્યું છે, મારો ઉદ્ધાર કર્યો છે, ને બીજાં અનેક વિશિષ્ટ વરદાનો મને બક્ષ્યાં છે. આપણા પ્રભુ પરમેશ્વરે મારે ખાતર કેટલું બધું કર્યું છે, પોતાની પાસે જે કાંઈ છે તેમાંથી કેટલું બધું આપ્યું છે, એટલું જ નહિ, પોતાના દિવ્ય સંકલ્પ અનુસાર શક્ય હોય તેટલી હદે પ્રભુ પોતે પોતાની જાત મને દાન તરીકે દેવા ઈચ્છે છે. એ બધા વિશે ભાવપૂર્વક મનનચિંતન કરવું, અને પછી મારા મનમાં વિચાર કરવો કે મારે પક્ષે રાજરાજેશ્વરને શું આપવું ઘટિત છે? મારો શો ધર્મ છે? મતલબ કે મારી પાસે જે કાંઈ છે તે બધું આપવું જોઈએ, ને સાથે સાથે મારી પોતાની જાત પણ ધરી દેવી જોઈએ.

ભાવભર્યા હૃદયે મારે નિવેદન કરવું:

સ્વીકારી લો, પ્રભુજી, લઈ લો મારી સઘળી સ્વતંત્રતા, મારી સ્મૃતિ, મારી બુદ્ધિ ને મારી ઈચ્છાશક્તિ; લઈ લો મારું સારું ય સર્વસ્વ. એ બધું આપનું જ દાન છે, પ્રભુજી, ને બધું જ હું આપને પાછું વાળું છું. એ બધાંનું આપની ઈચ્છાનુસાર જે કરવું હોય તે કરજો. મને માત્ર આપનો પ્રેમ ને આપની કૃપા બક્ષો. એટલું જ મારે બસ છે.

## ૪. મનન—ચિંતન:

ઈશ્વરનો અઢળક પ્રેમ ઉભરાતાં સકલ સૃષ્ટિ મારફતે મારી તરફ, મારા માટે નિરંતર વહયા કરે છે. તેનુ પાન કરવાની જરૂર છે.

તે સર્વ મને ભેટરૂપે આપવામાં આવે છે – તેનું હું સ્વીકાર કરું.

તે સર્વમાં ઈશ્વર વિલસે છે. ઈશ્વર પોતાનું અસ્તિત્વ મારી સાથે વહેંચે છે.

આપણે ઈશ્વરના આવા પ્રેમને પારખાવા / પામાવા / સ્વીકારવા શું કર્યું છે છે?

મારા મનમાં એમના આ પ્રેમથી કેવા કેવા ભાવ ને કેવી કેવી લાગણી ઉદ્દભવે છે?

સંત ઈગ્નાસની જેમ મારા જીવનને સાર્થક કરવા માટે હું શું કરી શકું?

મન્નન—ચિંતન કરતાં થોડી વાર મૌન રાખીએ.

## ૫. અરજમાળા:

આપણે સંત ઈગ્નાસ મારફતે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે
આપણા પરના એમના પ્રેમને આપણે પારખી શકીએ
તેની ઉંડાઈ સમજી શકીએ
ને તેનું અંતરથી ગ્રહણ કરી શકીએ
અને તેને અનુરૂપ વર્તનથી
આપણા જીવન મારફતે યોગ્ય બદલો વાળી શકીએ

**જવાબ: *હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૧. ઈશ્વર તરફથી આપણને અનેકાનેક વરદાનો, ઉપકારો
ને ભેટો મળેલ છે
અને તેઓ સતત તેમના આ વરદાનો મારફતે
મારે સુધી આવતા જ રહે છે
આ વાતને અંતરથી ગ્રહીએ
ને સદા એમના કરેલા ઉપકારો બદલ
આભારવશ બની રહીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

૨. ઈશ્વર પોતાની પાસે જે કંઈ છે
તે આપણી સાથે વહેંચે છે
આપણને પુષ્કળ પ્રમાણમાં ઉત્તમ સર્વ
આપતાં થાકતા નથી
આનંદથી અને અઢળક વાત્સલ્યથી
આપણે માટે સર્વ કંઈ કરતા જ રહે છે
આ વાતને આપણે સદા ચિતમાં ધરીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૩. ઈશ્વર પોતાની આ સર્વ ભેટોમાં હાજર રહી
તેને અસ્તિત્વ બક્ષી
તે સર્વ મારફતે
આપણને ત્યાં આગમન કરે છે
આપણામાં ભળી જાય છે
આપણને એમનામાં એકરૂપ કરી દે છે
આ એમના ઉપકારો સદા આપણને આગળ ધપાવે
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૪. ઈશ્વરનો આપણી સાથેનો નાતો
સૃષ્ટિની ચીજ–વસ્તુઓ મારફતે
સતત બંધાતો રહે
તે સર્વ વસ્તુઓ આપણને
ઈશ્વરના અપાર પ્રેમની યાદ દેવડાવે
ને આપણે એને અનુંરૂપ જીવન ઘડીએ
એ માટે પ્રાર્થના કરીએ.

*હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.*

૫. સદા આપણી સાથે રહેનાર ઈશ્વર
આ બાહય વસ્તુઓ મારફતે આપણને
પોતાની હાજરી ને કારજનની યાદ દેવડાવી
આપણા સર્વને તેમની પાસે નિરંતર તેડે છે
આપણે આપણું મન આ વસ્તુઓમાં પરોવાયેલું ન રાખીએ
બલ્કે તેની મારફતે નેના સર્જક એવા ઈશ્વરનો સાક્ષાત્કાર કરીએ
એ માટે પ્રાર્થના કરીએ.

***હે સંત ઈગ્નાસ, અમારે માટે વિનંતી કરો.***

લે સ્વીકારી, લે સ્વીકારી,
અંજલિ મારી, હે ભગવાન,
આપ તું તારાં પ્રેમ ને કૃપા,
બીજા કશાનું મારે ન કામ.

તન-ધન મારાં, બુદ્ધિ મારી,
સ્વતંત્રતા મુજ, સ્મૃતિશક્તિ સારી,
જે કંઈ મારું, જે કંઈ હું છું,
તે સઘળું તવ ચરણે ધરું છું. ૧

એ સઘળું તો ભેટ જ તારી,
તને દઉં છું પાછું વાળી.
એનું જે ચાહે તે કરજે,
પ્રેમ ને કૃપા મુજને ધરજે.
એટલું કેવળ બસ છે મારે. (૨) ૨

## ૬. સમાપન પ્રાર્થનાઃ

હે પ્રભુ પરમેશ્વર,
તમે ધર્મસભમાને
લોયોલાના સંત ઈગ્નાસની ભેટ આપી
ને તેમને મારફતે
ધર્મસભામાં નવી તાજગી સીંચી.
તેમના આદર્શ ને ઉપદેશને અનુસરીને
અમે તમારા અધિક મહિમા અર્થે
ને માનવ–સેવાના કાર્યો અર્થે
સદા કાર્યરત રહીએ એવી કૃપા કરો.

આ પ્રાર્થના અમે અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા કરીએ છીએ.
આમીન.

## ૭. ભજન

ઈસુસંઘના સથાપક, હે ઈગ્નાસ